


## સલામી સવારની..

*બધા બીટકોઈનમાં વ્યસ્ત, રક્ષાની કોને પડી છે,*
*શિરા રાંધી ચોરીમાં મસ્ત, પોલીસની કોને પડી છે.*
*કોને પડી છે પ્રજાની લૂંટાય ઘરમાં કે બેન્કમાં !!*
*દેખાય 'નેતાઓ' ને ચૂંટણી, દેશની કોને પડી છે?*

### હાઈકુ

*ફસાયા ખૂદ,*
*જીએસટી જાળમાં -*
*માળખે ગૂંચ...*

*'રિટર્ન ફોર્મ'*
*ડાયાલિસીસ પર -*
*રોજ બદલે...*

### ચિંતન

**અતઃ પ્રબાધોડસ્માત્ ।**

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સુષુપ્તિ દશામાં જીવાત્માની સ્થિતિ પરમાત્માની સાથે હૃદય પ્રદેશમાં થાય છે એવું કહ્યું છે. એ સુષુપ્તિ દશાનો જ્યારે અંત આવે છે ને જીવાત્મા જાગૃત થાય છે ત્યારે હૃદયપ્રદેશમાંથી જ જાગ્રત થાય છે એટલે એનું શાંત થવાનું સ્થાન પણ એ જ છે. એની જાગૃતિની પાછળ પરમાત્માની વ્યવસ્થાશક્તિ કામ કરતી હોય છે. એ વ્યવસ્થાશક્તિને અનુસરીને સુષુપ્તિનો સમય પૂરો થતાં જીવાત્મા જાગૃતિ દશામાં પાછો આવે છે.

જીવ અજ્ઞાનની દશામાં સુષુપ્ત રહી હૃદયમાં રહે છે. મોહ-માયા-મમતાના બંધન અને કામક્રોધ પડળ હોય છે.

આ આત્માને ભક્તિ-સત્સંગ કે કોઈ જ્ઞાની ગુરુનો ટેકો મળી જાય તો જાગી સ્વસ્થ થાય અને પોતાને ઓળખી જીવાત્મા મહાત્મા બની જાય છે.

### સુવિચાર

- કયારેક આપણે એટલું ઝડપથી દોડીએ છીએ કે આસપાસનું સૌંદર્ય જોવાનું કાયમ માટે ચૂકી જઈએ છીએ - **જનકલ્યાણ**
- સફળતાની ચાવી કહું ? ખંતને તમારો બિન બનાવો, અનુભવને તમારો શાણો સલાહકાર, સાવધાનતાને તમારા વડીલ બંધુ તરીકે સ્થાપો, અને આશાને તમારી રક્ષક શક્તિ ગણો - **સ્ટોક્સ**
- તમે તળિયે પછડાઓ છો ત્યારે કેટલે ઊંચે ઊઠો છો એ તમારી સફળતાની પારાશીશી છે - **જનરલ બેરિંગ**
- નેટવર્થનું નેટવર્ક જામતું જાય છે અને વર્થ ગુમાવતા જઈએ છીએ - **ડો. પ્રશાંત ભીમાણી**
- વિશ્વાસ અને અવિશ્વાસની વચ્ચે લટકતા સંબંધોના શ્વાસ ઝડપથી ખૂટી જતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન જીવવાનો મતલબ બાળપણની કોઈ ટેક્સબુકના કોઈક ખૂણામાં પ્રિન્ટ થયેલો પડ્યો રહે છે, એને ઉકેલવાની મજા તો લઈ જુઓ - **ડો. હંસલ ભચેચ**
- આજનું ઔષધ : અગરની લાકડીના ટૂકડા પાણીમાં ઉકાળીને પીવાથી તાવ તરત ઉતરી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

'હું પણ સંસારને સુવાસ આપીશ' એવો દૃઢ નિશ્ચય કરીને એક નાનું પુષ્પબીજ ધરતીની ગોદમાં સમાયું. એ નાના બીજનો સંકલ્પ અડગ હતો અને મનમાં ઉત્સાહ થનગનતો હતો.

ધરતીએ બીજને કહ્યું, 'અરે તું મારો બોજ સહન નહીં કરી શકે, દબાઈને મરી જઈશ.' પણ બીજ કોઈની સાંભળે તેમ ન હતું. ઊની માટી, પાણીના ભેજની સહાયથી બીજે કોઈ અદૃશ્ય હથોડીની મદદથી પોતાના કવચની અને ધરતીના આવરણની કેદ તોડી... ધીમે ધીમે કુંપળ ધરતીમાંથી બચાવ આવી. સમય વહેતા નાના નાના પાન ઉગ્યા. ડાળી ફૂટી, અન્ય શાખાઓ ફૂટી, અને હવે તે કુંપળમાંથી નાના છોડમાં પરિવર્તિત થઈ. ત્યાં પવને કહ્યું, 'તારી હિમ્મતને દાદ આપું છું, પણ મારા સુસવાટા સામે કેવી રીતે ટકીશ ?' ફૂલના નાનો છોડ વિનમ્રતાપૂર્વક ડાબે - જમણે ઝુકીને વાયરાના વેગને પિછાણી, સહન કરી મક્કમતાથી આગળ વધતો રહી મોટો થતો ગયો. પણ આસપાસમાં ઉગેલા ઝાંખરા, કાંટા તે છોડની પ્રગતિ જોઈ ન શક્યા. તેમણે પુષ્પના છોડને સતાવવાનું ચાલું રાખ્યું.

નાના બીજની અડગ શ્રદ્ધા, સતત પ્રયત્નો અને મુશ્કેલી સામે ન ઝૂકવાની તાકાત અને દુનિયામાં સુગંધ પ્રસરાવવાની ધૂન જોઈને માળી એના પર મુગ્ધ બન્યો. તેણે ઝાડી ઝાંખરા દૂર કર્યા. સૂર્યના તાપે પણ કડક તાપ વરસાવ્યો તેમ છતાં તે પ્રકાશમાંથી પોતાનો ખોરાક બનાવી પોષણ મેળવી. થોડા વખતમાં એક કળી ખીલી. ફુલ બન્યું. અને એ પુષ્પે પોતાની સુવાસ ફેલાવી દીધી. સારાશ એ જ કે પ્રતિકૂળતાથી જે ગભરાય નહીં તેમજ જીવનમાં આવતા અવરોધો અને સંકટોને અતિક્રમીને આગળ વધવાથી પ્રેરણા મેળવીને જે નિરંતર આગળ વધતું રહે તેને કોઈ રોકી શકતું નથી, એ હકીકત બીજની પુષ્પ થવા સુધીની સફરે જગતને સમજાવી.

# માતૃવંદના : સંસ્કૃતિ અને સંસ્કારિતાનું પર્વ

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વમાં બધું જ બદલાઈ જશે ત્યારે પણ કેટલીક શાશ્વત બાબતો નહીં બદલાય. માતૃવાત્સલ્ય એ જીવ માત્રને મળેલું કુદરતી વરદાન છે અનો તે દુનિયા ઊંધીચત્તી થઈ જાય તો પણ અકબંધ રહેવાનું છે. મા એ કુદરતે શિશુના મુખમાં મૂકેલો પ્રથમ શબ્દ છે. માતા ત્યાગ, તિતિક્ષા અને સમર્પણની ત્રિવેદી છે. એ ઈશ્વરનું જ બીજું સ્વરુપ છે. વિશ્વના તમામ ધર્મો માતૃત્વનો મહિમા કરતા રહ્યા છે અનો અલ્લાહ સિવાય અન્ય કોઈ સામે માથું નહીં નમાવવાનો ઉપદશ આપનાર ઈસ્લામના સ્થાપક મહંમદ પયગંબર પણ માતા વઈશે તો કેવું હૃદયસ્પર્શી વિધાન કરતા ગયા છે ! 'જન્નત તારી જનેતાના ચરણોમાં છે.' માથી મોટું કોઈ હોઈ શકે ખરું ? જૂની ફિલ્મનું પેલું યાદગાર ગીત આજે પણ કેવી ઝણઝણાટી જગાડે છે! 'અય માં, તેરી સૂરત સે અલગ ભગવાન કી સૂરત કયા હોગી ? ઉસકો નહીં દેખા મૈંને કભી - ઔર દેખને કી જરૂરત કયા હોંગી ?' માને જોયા પછી ઈશ્વરને જોવાની જરૂર જ કયાં રહે ? બલકે ખુદ ત્રિદેવ પણ માતાની શોધમાં નીકળ્યા અને સતી અનસૂયામાં એનાં દર્શન કરી કૃતાર્થ થયા હતા. ભારતીય સંસ્કૃતિમાં માતાનો અપાર મહિમા છે. જગતઃ પિતરૌ વન્દે પાર્વતી પરમેશ્વરૌ - એ સ્તુતિમાં પણ જગતમાં માવતરમાં પહેલું નામ શિવનું નથી, પાર્વતીનું છે.

શક્તિપૂજકો માતાને વિધવિધ સ્વરુપે પૂજતા રહ્યા છે. મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી એ માતાની ત્રિપુટી છે. તો વળી આપણું નવરાત્રી પર્વ તો માતૃવંદનાનું જ પર્વ છે. હિંદુ વર્ષમાં આવી નવરાત્રી દરેક ઋતુમાં ગોઠવાયેલી છે. એમાં ચૈત્રી નવરાત્ર અને શાસ્ત્રીય નવરાત્ર સવિશેષ પ્રસિદ્ધિ પામેલ છે. માતૃશક્તિનો મહિમા કરતું બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદ મઠ' નું ગીત આપણા રાષ્ટ્ર નાયકોએ રાષ્ટ્રગાન તરીકે પસંદ કર્યું હતું. એમાં ભારત માતાની વંદના કરાઈ છે. આપણા દેશ માટે 'મધર ઈન્ડિયા' જેવું હુલામણું સંબોધન વપરાતું રહ્યું છે. મા, માટી અને માનુષ - આ ત્રણ 'મ' કાર મમતા બેનરજીને ફળ્યા છે. માતૃશક્તિની જાગતી એકાવન શક્તિપીઠો ધરાવતા આ માતૃભક્ત રાષ્ટ્ર માટે યુનાઈટેડ નેશન્સ પ્રેરિત 'મધર્સ ડે' કોઈ નવી પ્રેરણા ન જ પૂરી પાડી શકે. આપણને માતૃમહિમા શીખવનાર એ કોણ ? પણ સબૂર, છેલ્લા દાયકાઓ દરમિયાન આપણે વૈશ્વિક કુસંસ્કારોથી વટલાયા છીએ. આંતરે દિવસે વૃદ્ધ મા-બાપને રઝળતાં કરી દીધાના કે વૃદ્ધાશ્રમોમાં મૂકી આવી એમના ખત ખબર નહીં લેવાના પ્રસંગો અખબારો અને ટીવી ચૅનલોમાં ચમકે છે. આવી વિષય સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય માતૃદિવસનું મહત્ત્વ વધી જાય તો સ્વાભાવિક છે.

# મોટાં ડગલાં ભરતી તે ચાલવા લાગી પોલીસ સ્ટેશન તરફ...




બાળકોના શોરબકોર અને મજાક મસ્તીને જોઈને મિતાલીના ચહેરા પર કોઈ પ્રતિક્રિયા ન થઈ. બે દિવસથી યથાવત મિતાલીની આ હાલત જોવા મળી રહી હતી. તેનો આત્મા દુભાયેલો હતો.

અઠવાડિયા પહેલાં હસમુખી અને નટખટ સત્તર વરસની મિતાલીને આ શું થઈ ગયું ?

અચાનક દૂરથી સુનિલને આવતો જોઈ તેના પથ્થરની પ્રતિમા બની ગયેલ શરીરમાં સંચાર થયો. તેણે તરત બારી બંધ કરી દીધી. અઠવાડિયા પહેલાંના ઘટના તેની આંખ સામે દેખાવા લાગી.

ગ્રીષ્મના બપોરનો સમય હતો. તેઆમ જ બારીમાં બેઠી બેઠી ખિલેલા ગરમાળાનાં પીળા ફૂલના ઝુમ્મરોને જોઈ રહી હતી. રસ્તા પર વાહન વ્યવહાર નહીંવત હતો. ત્યાં એણે જોયું તો દૂરથી એક મોટરસાયકલ ફૂલ સ્પીડમાં આવી રહી હતી. તેને એક ફૂટડો યુવાન ચલાવતો હતો. ગરમ હવાની એક લહેરખી આવતાં ગરમાળાની એક ડાળખી પરથી ફૂલનું ઝૂમખું રસ્તા પર આવી પડ્યું હતું. ફૂલની સાથે એક અધ ખીલી કળી પણ હતી. મિતાલી તેણે જોતી હતી. ત્યાં દૂરથી આવી રહેલ બાઈક નજીક આવી ગઈ, જોત જોતામાં પેલી કળી પર બાઈકનું પૈડું ફરી વળ્યું તેનાથી ચિત્કાર નીકળી ગયો.

> 'ઉઠ મિતાલી... બચાવી લે પેલી માસૂમને, જે કંઈ બન્યું હતું એ બધું પોલીસને કહી દે.'

તેની સાથે પણ કંઈક એવું જ થયું હતું ને, ઘરમાં મમ્મી-પપ્પા હતા નહીં, ઘરમાં એકલી જોઈને તે પાણી પીવાને બહાને આવેલો અને મિતાલી સાથે કુકર્મ કરી જતો રહેલો.

સાંજે મમ્મી ઑફિસથી આવી ત્યારે આખો બનાવ તેણે કહેલો. તે ધ્રુસકે ધ્રુસકે ખૂબ રડેલી. મમ્મી પણ માથે હાથ દઈ કયાંક સુધી પોતાની જાતને દોષ દેતી રહી કે મેં દીકરી પૈદા શું કામ કરી. પરંતુ પછી પોતાની જાતને સંભાળતાં મિતાલીએ આ વાત ભુલી જવા અને કોઈને પણ કંઈ ન કહેવાની શિખામણ આપી. તેને ડર હતો કે સમાજમાં તેમની આબરૂ ધૂળમાં મળી જાય અને કોઈ સારા ઘરનો છોકરો તેની દીકરી સાથે લગ્ન કરવા તૈયાર ન થાય તો. તેથી મિતાલીએ પોતાનું મોં બંધ રાખ્યું હતું અને જીભ જાણે કે સીવી લીધી હતી.

મિતાલી બીજે દિવસે પણ બારી પાસે જઈ બેઠી. તે સિવાય હવે તે કરી પણ શું શકે ? સ્કૂલ જવાનું બંધ થઈ ગયું હતું. તેની નજર સુનિલ પર પડી. તેણે પાંચ વરસની લક્ષ્મીના હાથમાં કંઈક આપ્યું. પછી તેનો હાથ પકડી કયાંક લઈ જવાની કોશિશમાં હતો.

મિતાલીને તેની નિયત સમજતાં વાર ન લાગી. તેના અંર્તમનમાં એક અવાજ ઉઠ્યો.

'ઉઠ મિતાલી બચાવી લે પેલી માસૂમને, જે કંઈ બન્યું હતું એ બધું પોલીસને કહી દે.'

મિતાલીની આંખો સામે મમ્મીનો ગુસ્સાભર્યો ચહેરો અને લક્ષ્મીનો માસૂમ ચહેરો તરવરી રહ્યો. મન મક્કમ કરી તેણે નિર્ણય લઈ લીધો.

ઘરની બહાર નીકળી મોટાં ડગલાં ભરતી તે ચાલવા લાગી પોલીસ સ્ટેશન તરફ...

# સફેદ દાગનો કાળો ધબ્બો




"તમારા ધ્યાનમાં કોઈ સારો છોકરો હોય તો કહેજો, અમારી દીકરી ઋતા માટે. એમ.એ. થયેલી છે અને નોકરી પણ કરે છે. સારો પગાર છે અને જન્માક્ષર પણ ચોખ્ખા છે. મંગળ, શનિ કે રાહુ, કેતુનો કોઈ પ્રૉબ્લેમ નથી." આમ કહી કહીને છેતાળીસ વર્ષની સલોની મહેતાની જીભ સૂકાઈ ગઈ હતી. સગાં-સંબંધીઓ અને સૌ ફ્રેન્ડઝ સર્કલમાં બધાને તે કહી ચુકી હતી. ચોવીસ વર્ષની ઋતા માટે આમ તો ત્રણ-ચાર વર્ષથી મુરતિયો ગોતવાની મથામણ ચાલી રહી છે પણ કોણ જાણે કેમ, યોગ્ય મુરતિયો, યોગ્ય ઘર અને વર મળતાં નથી. ઋતા પણ બધું જ જાણે છે. બેડરૂમમાં જઈને એકલી પડે ત્યારે આંસુ સારી લે છે. બીજું કરેય શું?

એક વાર ઋતાએ સલોનીને કહ્યું હતું કે "મમ્મા, હવે તું મારા સગપણનું વિચારવાનું પણ છોડી દે. તું તો બધું જ જાણે છે ને. હું કંઈ તને ભારે ભારે પડતી નથી. હું ખુદ પગભર છું અને કમાઉં પણ છું. જો તને મારો બોજ લાગતો હોય તો...?"

ચમકીને સલોની બોલી ઉઠીઃ "અરે, બેટા – ઋતા એ તું શું બોલી? કોઈ માને દીકરીનો ભાર લાગતો હશે? તને નવ નવ મહિના પેટમાં ઉછેરી ત્યારે તારો ભાર મને નથી લાગ્યો, તો હવે વળી મને તારો શો ભાર લાગવાનો? તને સાસરે વિદાય કર્યા પછી તો હું આ ઘરમાં એકલી પડી જવાની, પછી તો મને પણ ક્યાં ગમવાનું હતું? બેટા, તું શાંતિથી વિચાર કે કયા મા-બાપ પોતાની પરણવાલાયક થયેલી દીકરીને ઘરમાં કુંવારી બેસાડી રાખે? તારા પાપા તો હવે રહ્યા નથી કે નથી કોઈ બીજા ભાઈ-બહેન. જે ગણો તે હું જ છું ને... હું નહિ કરું તો કોણ ચિંતા કરશે?" બોલતા બોલતા તો સલોનીનો અવાજ ભારેખમ થઈ ગયો હતો. જાણે તે ડુસકું મૂકવાનું પણ છુપાવી રહી હતી.

આ સાંભળીને વળી ઋતાની આંખો પણ ભરાઈ આવી હતી. મા અને દીકરી બેઉ બધું સમજતા હતા. સગપણમાં વિલંબનું કારણ પણ જાણતા હતા. આમ છતા બન્નેના મ્હોં ઉપર જાણે એક અદૃશ્ય લક્ષ્મણરેખા ખેંચાઈ ગઈ હતી. જો કે પોતાના લગ્ન થતા નથી કે પોતાને કોઈ પસંદ કરતું નથી એ બદલ માની વિહવળતાએ આખરે ઋતાને બોલવા મજબુર બનાવી જ દીધી.

ઋતાએ કહ્યું કે "મમ્મા, તું એ વાત સારી રીતે જાણે છે કે તારા ચહેરા ઉપરના બે સફેદ દાગના કારણે જ મારી સાથે લગ્ન કરવા કોઈ તૈયાર થતું નથી. મુરતિયો મને જુએ ત્યારે તો પસંદ કરી લે છે, ત્યાં સુધી તો બધું બરાબર ચાલે છે, પણ તને જોયા બાદ જોવા આવનારાઓ એવું માનવા લાગે છે કે લગ્ન કર્યા બાદ આગળ જતા કન્યામાં પણ માની આ ઍબ વારસાગત રીતે ઉતરી આવશે તો? બસ બધી તકલીફનું મૂળ કારણ આ દાગ જ છે ને..."

આટલું સાંભળીને તો સલોનીએ અત્યાર સુધી રોકી રાખેલો બંધ તૂટી પડ્યો અને તેની આંખે શ્રાવણ-ભાદરવો વરસી પડ્યાં. ઋતા પણ મન મૂકીને રડી પડી. મા-દીકરી એકમેકને વળગીને ક્યાંય સુધી પોતાનાં ભાગ્યને રડતાં રહ્યાં. વાંક કોઈનોય ક્યાં હતો? કુદરતની માયા અને ઉપરવાળાની કમાલ હતી. એમાં બિચારો માનવી શું કરે?

સલોની રૂપાળી નહિ તોય ઘઉંવર્ણી જરુર છે. દેખાવ આકર્ષક જ ગણાય. મદહોશ કરી મૂકે તેવી આસમાની આંખો અને ખુબસૂરત ચહેરો.

> સલોની તો પરણી ગઈ પણ હવે ચોવીસ વર્ષની ઋતાનું કોઈ જ કારણ વિના પણ ક્યાંય ઠેકાણું પડતું નથી. જો કે ચોવીસ વર્ષની ઉંમર લગ્ન માટે કંઈ મોટી પણ ન ગણાય. આમ છતા મુરતિયા જોવાનું ચાલતું રહ્યું છે. ઋતાને કોઈ ખોડ નથી કે નખમાંય કોઈ રોગ નથી, છતા માનો પડછાયો આડે આવે છે.

છેતાળીસ વર્ષ થવા છતા તેના યૌવનને ક્યાંય કાટ લાગ્યો નથી. વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં હતી એવી જ આકર્ષક વળી. હા, સોનાની થાળીમાં લોઢાની મેખ જેવા સફેદ દાગ તેના ચહેરાના આકર્ષણ ઉપર ગ્રહણ લગાડીને બેસી ગયા છે. સલોનીના ચહેરા ઉપરના બે નાનકડા સફેદ દાગ ઋતાની જિંદગીમાં હવે તો કાળો ધબ્બો બનીને રહી ગયા છે. સલોની તો નાની હતી ત્યારથી કામણગારી હતી. મા-બાપની એકની એક દીકરી એટલે લાડકી પણ ખરી. એક દીકરાની જેમ ખુબ લાડકોડથી તેનો ઉછેર થયો હતો.

સલોનીને એક વાર ટીનેજમાં જ કુદરતની જાણે કે નજર લાગી ગઈ હતી. હોઠ પાસે રાઈના દાણા જેવડી સફેદીએ જગ્યા રોકી લીધી હતી. પહેલા તો કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહોતું. સલોની પણ એનાથી બેખબર જ રહી હતી. ધીમે ધીમે રાઈના દાણાએ મગના દાણા જેવડું સ્થાન લઈ લીધું હતું. સલોની ત્યારે અગિયારમા ધોરણમાં ભણતી હતી. સોળ વર્ષની સલોનીનું ધ્યાન હવે ભણવામાં ઓછું અને દર્પણમાં વધુ રહેવા માંડ્યું હતું. ક્યારેક મિનિટો સુધી દર્પણ સામે બેસીને પોતાની જાતને નિહાળી રહેતી.

એક દિવસ સલોનીએ જ મા-બાપને વાત કરી. મા-બાપ દીકરીને લઈને જુદા જુદા ડૉક્ટરો, સ્કિન સ્પેશિયાલિસ્ટ્સ એમ બધા પાસે તપાસ, નિદાન કરાવી આવ્યા. દવા અને ઉપચારના પ્રકારમાં ફરક આવે, પણ મગના દાણાની જગ્યા હવે વટાણાના દાણા જેવડી જગ્યાએ લઈ લીધી હતી. હવે દાગ મોટો થતો ગયો હતો. ચહેરો જોનારનું તરત ધ્યાન જાય એ રીતે દાગે હોઠ પાસે જગ્યા કરી લીધી હતી.

સોળ વર્ષની સલોની નીચલા હોઠ પાસે ફેલાયેલો સફેદ દાગ છુપાવવા કાયમ હળવા લાલ રંગની લિપસ્ટિક નિયમિત લગાવવા માંડી. મમ્મીએ જ દીકરી સલોનીને હાથવગા ઉપાય લેખે આવી સલાહ આપી હતી. કેમ કે બીજા કોઈ ઉપાય કે ઉપચાર કારગત રહ્યા નહોતા. આ તરફ ઋતા તો સુંદર અને આકર્ષક છે. તેના શરીરના કોઈ ભાગે સફેદ દાગ નથી કે તેને કોઈ જાતની ખોડખાંપણ નથી. આમ છતા સગપણ માટે આવેલા લોકો ઋતાની મા સલોનીને જોઈ લીધા પછી મન વાળી લે છે.

સલોનીને યાદ આવે છે કે જ્યારે પોતાને પણ કોઈ મુરતિયા પસંદ કરતા નહોતા ત્યારે દાગ વિશે કોઈને અંધારામાં રાખીને તેણે પરણવાનું પસંદ કર્યું નહોતું. સલોનીએ તો મા-બાપને પણ કહી જ રાખ્યું હતું કે જે લોકો લગ્ન હેતુ પોતાને જોવા માટે ઘરે આવે તે બધાને પોતાના સફેદ દાગ વિશે અવશ્ય જણાવી દેવું. આખરે મૌલિક નામના એક યુવાને સલોની સાથે લગ્ન કરવા માટે હામ ભીડી હતી. તે લગ્ન કરવા તો તૈયાર થયો હતો પણ તેની વાત સાંભળીને જરુર ચોંકી જવાય એવું હતું.

મૌલિકે સલોની અને તેનાં મા-બાપને પહેલી જ બેઠકમાં કહી દીધું હતું કે "જુઓ, સલોની મને ગમી ગઈ છે. મને સફેદ દાગ વિશે કોઈ પ્રૉબ્લેમ નથી. એની જો હા હોય તો મને કોઈ વાંધો નથી પણ એક વાતની હું ચોખવટ કરી દઉં કે તમે મને મારા મા-બાપને લઈને આવવાનું કહેશો તો એમ નહિ બને. લગ્ન કરવા માટે પણ હું એકલો જ આવીશ. હા, થોડા ફ્રેન્ડઝ વગેરે સાથે હોઈ શકે. કેમ કે હું અનાથ છું. મારા માટે મા-બાપ એ અજાણી અને અઘરી વાત છે. અનાથ આશ્રમમાં જ રહીને ઉછર્યો અને ભણ્યો છું. નેશનલાઈઝ્ડ બેન્કમાં જોબ છે. સારો પગાર છે. મારી માલિકીનો ફ્લેટ છે. તમારી દીકરી દુઃખી નહિ થાય, એવું વચન આપું છું."

સલોનીનાં માતા-પિતા માની ગયાં હતાં અને સાદગીપૂર્વક સલોની અને મૌલિકનાં લગ્ન કરાવવામાં આવ્યાં હતાં. સલોની તો પરણી ગઈ પણ હવે ચોવીસ વર્ષની ઋતાનું કોઈ જ કારણ વિના પણ ક્યાંય ઠેકાણું પડતું નથી. જો કે ચોવીસ વર્ષની ઉંમર લગ્ન માટે કંઈ મોટી પણ ન ગણાય. આમ છતા મુરતિયા જોવાનું ચાલતું રહ્યું છે. ઋતાને કોઈ ખોડ નથી કે નખમાંય કોઈ રોગ નથી, છતા માનો પડછાયો આડે આવે છે. કન્યા જોવા આવનારા દરેક મુરતિયાને અને તેના સગાંને એક જ સવાલ મુંઝવી મારતો હોય છે કે ભલે અત્યારે નથી પણ લગ્ન પછી જો કન્યાના શરીરે સફેદ દાગ દેખા દેશે ત્યારે શું? એવું રિસ્ક કોણ લે? એવી માથાકૂટમાં કોણ પડે?

સલોનીને હોઠ પાસે છે એ સિવાય ચાંદલો કરવાની જગ્યાએ કપાળે, બે ભ્રમરની વચ્ચોવચ પણ સફેદ દાગનો પગપેસારો છે. હોઠે લિપસ્ટિક લગાવીને ઢાંકી દેવાય છે એમ સલોની ચાંદલો કરીને પણ દાગ ઢાંકી રાખે છે. શરીરના બીજા ભાગોએ પણ આટલાં વર્ષોમાં સફેદ દાગ વિસ્તર્યો છે ખરો, પણ એ જોઈ શકાય એમ નથી, એટલી નિરાંત.

"સગાં સૌ સ્વાર્થનાં" આ કહેવતનનો સલોની અને હવે ઋતાને અનુભવ થઈ ચુક્યો છે. સલોનીનાં મા-બાપ રહ્યાં નથી. પતિ મૌલિકનું કેન્સરથી મોત થયું એ વાતને બે વર્ષ વીતી ગયા. પતિના પી.એફ. – ગ્રેજ્યુઈટી, ઈન્સ્યૉરન્સ, સેવિંગ્સ્ મળીને ચાળીસ લાખની જમા પૂંજી છે. બીજા ફ્લેટનું ભાડું અને વ્યાજમાંથી જિંદગી આસાનીથી પસાર થઈ રહી છે. દીકરી સારું કમાય છે પણ સલોનીને રહી રહીને એક જ વાતની ચિંતા કોરી ખાય છેઃ "હું નહિ હોઉં ત્યારે મારી ઋતાનું શું થશે?"

# 'ગ' - ગણપતિનો ગ




'ગ' - ગણપતિનો ગ. આપણે ત્યાં દરેક શુભ-મંગળ કાર્યોની શરુઆત ગણપતિની સ્થાપનાથી થાય. ગાંધીનગરમાં ઘ-૨ જવું હોય તો કહેવું પડે 'ઘ-ઘરનો ઘ અને ગ-૨ જવું હોય તો સ્પષ્ટતા કરવી પડે કે - ગણપતિનો ગ.' ગાંધીનગરમાં ગરમાળો જુઓ એટલે ઉનાળો ભૂલી જાવ. ગુલમહોરને નીરખો તો સૌંદર્ય ઉપર કાયમી મહોર લાગી જ જાય અને પાટનગરનું પોતાનું અખબાર ગાંધીનગર સમાચાર હાથમાં લો તો પછી પુરેપૂરું વાંચ્યા પછી જ હાથમાંથી નીચે મૂકવાનું મન થાય. ગાંધીનગરમાં 'ગ' ગમે પણ સૌ કોઈને પણ 'ગ' ગમી જાય એવા 'ગ'ની આજે નિરાંતે વાત કરવી છે.

ગમતું મળે તો અલ્યા ગૂંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ. પંક્તિ કોઈ સાહિત્યકારને ન ગમે એવું બને ખરું? અનંત ગગન (આકાશ) જોયા પછી પાકી ખાત્રી થઈ જાય કે ઈશ્વરની સાબિતી માટે આટલું બસ છે. ગંગા તો આપણી લોકમાતા છે. ગંગા તેરા પાની અમૃત બોલી જ જવાય. અંતકાળે ગંગાજળ જ કામ લાગે. ગાયને પવિત્ર ગણી તો ગૃહિણીઓ ગોગ્રાસ કાઢી ધન્યતાનો અનુભવ કરે. ગાયત્રી મંત્ર જ વિશ્વનો એક માત્ર એવો મંત્ર છે જે ચારે ચાર વેદમાં છે, એટલે તો એને વેદમંત્રનું બિરુદ પ્રાપ્ત થયું છે. જય ગાયત્રી માતા.

'ગીતા' તો - હિંદુ ધર્મગ્રંથ છે. ગીતા શબ્દ કાને પડતાં જ નટગટ કાનુડો, શ્રીકૃષ્ણ, દ્વારકાધીશ, રણછોડરાય યાદ આવે. જય યોગેશ્વર. કેટકેટલા શ્લોકો હોઠ ઉપર રમવા લાગે ! યોગઃ કર્મસુ કૌશલમ્ અને ન મે ભક્ત પ્રણશ્યતિ. જયશ્રી કૃષ્ણ, ગોવિંદ આવ્યા એટલે ગોકુળ કેમ ભુલાય ? ગાય, ગોકુળ, ગોવિંદ, ગીતા, ગોરસ, ગોપી, ગોધૂલિ, ગોરજ, ગોઠકૃષ્ણ વરરાજા સાથે ગ ની આખેઆખી જાન જોડાય એવું લાગે.

ગોપીગીતે તો અચ્છા અચ્છા ધર્મ ધુરંધર કથાકારોને ય ઘેલું લગાડ્યું છે. મુને એકલી જાણીને કાને છેડી રે ! યાદ ન આવે તો જ નવાઈ ! આ નભ ઝૂક્યું તે કાનજી, ને ચાંદની તે રાધા રે - થી તો પ્રિયકાન્ત મણિયાર આપણા સૌના પ્રિય બની ગયા. શિર પર 'ગોરસ' - મટુકી, મારી વાટ ન કયાંયે ખૂટી, અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફુટી - માં ગોપીની વેદના તો જુઓ ! એક રજકણને પણ 'ગોરજ' - કહી કેટલાં સન્માન મળ્યાં છે ! વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ, આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે કે એક રજકણ સૂરજ થવાને શમણે - સૌના હોઠ ઉપર રમવા લાગે છે.

'ગ'- ની સાચી મીઠાશ તો ગોળ ખાધા પછી જ માણી કહેવાય. લ્યો ત્યારે વહેંચો ગોળધાણા કહેતાં જ શરણાઈના સૂર રેલાવા લાગે. એક મીઠાશ જીભે રમે ને પેલા ગુગળનો ધૂપ ધૂપના ધુમાડે વહેલા આવજો કહી વહાલાને નોતરાં દેખાય. ગુગળ સાથે ભક્ત - ભગવાનની જુગલબંધી રચાય ત્યારે ભૂંગળોનો નાદ નાભિમાંથી નાળ સંબંધ પ્રગટાવે.

વૈશાખના વાયરા વાવા લાગ્યા છે. અક્ષર તૃતિયાથી ગોર મહારાજોના ભાવ ઊચકાવા લાગ્યા છે. લગ્નની મૌસમમાં ગોર મહારાજ વગર હસ્તમેળાપ કરાવે કોણ ? ગોળ મ્હોં મીઠું કરાવે તો ગોર મહારાજ ઘર વસાવે. ગામડું એટલે તો દરેકનું પિયર થાય. ગામડે રહ્યા હોય એને 'ગોખ' નો નાતો નાનપણથી જ બંધાઈ જાય. ગોખ એટલે ગોખલો ય થાય અને ઝરૂખો પણ થાય. ઝરૂખો આવે પછી ગઝલ આવે. લીટી એકાદ નીરખી ઘાયલ હલબલી જાય આદમી તે ગઝલ. મત્લા, મક્તા, રદીફ, કાફિયા, પ્રાય, અનુપ્રાસ ને ગાલિબનો પ્રવેશ થાય પછી ઈર્શાદ વગર કેમ ચાલે ? આમાં તો ભઈ દાદ આપવી જ પડે.

ગળોને ગોખરૂનો સરવાળો કરો એટલે પહેલું સુખ તે જાતે નર્યાનો સાચો જવાબ જડી જાય. આ બધી 'ગ' - ની ગમ્મત છે. રમત-ગમતને જોડી વગરના ચાલે. ગમ્મત કરો એટલે હૈયું હળવું થાય; ગમ્મત સાથે જ્ઞાન આવે તો જ્ઞાન માટે ગ્રંથની જરૂરિયાત રહે છે. ગુરુગ્રંથસાહેબને વંદન, પ્રણામ. ગોષ્ઠિ થાય અધ્યાત્મની. ગોરખનાથને ગુફા વળી પાછા પર્યાયવાચી કહેવાય. આ ગુફા નવનાથને નાગાબાવાની આખી જિંદગીની કમાણી કહેવાય. રમતા જોગી આયા નગરમેં... એક પુતર પચીસ નારી એક નારીએ ઉપજાયા ભજન સાંભળ્યા પછી આત્માની ઓળખ થાય ને પરમાત્માની પ્રાપ્તિ થાય જેને અંગ્રેજીમાં સહુ GOD ગોડ કહે છે.

માની ગોદ વગર અહીં કોઈ મોટું થતું જ નથી. પહેલાં મા યાદ આવતી ને આંસુ આવતાં આજે આંસુ આવે છે ને મા યાદ આવે છે, માની બનાવેલી ગોદડી આગળ તો આજનાં ડનલો પીલો પાણી ભરે ભાઈ! શું કહો છો ? મા તે મા. ગેડી દડો જે ન રમ્યા હોય તે શોધવું ઘાસની ગંજીમાંથી સોય શોધવા બરાબર છે.

મારી 'ગાગર' - ઉતારો તો જાણું કે કાન તમે ઊંચક્યો'તો પહાડને. ગજેન્દ્રમોક્ષની કથાની કોઈ અજાણ ખરું ? ગડિયા, ગણ, ગનીમત, ગલગોલોટ, ગાડું, ગાયન, ગોવાલણ, ગોત્ર અને ગ્રીષ્મ જેવા અહીં કુલ મળી ૪૨ (બેંતાલીસ) 'ગ' થી શરૂ થતા શબ્દોનો ગુલાલ અહીં રંગેચંગે ઉડાડ્યો છે, 'ગ' - ગમમતાનો ગુલાલ કર્યો છે આશા છે સૌને ગમશે.

ગુલાબ આપની આંખોમાં એવાં ખીલેલાં;
સ્વયં મેં છાબડી થૈ થૈ ને એને ઝીલેલાં.

- રમેશ પારેખ

● ● ●

તીખું મરચું
ગુસ્સે થયા જો લોક, તો પથ્થર સુધી ગયા;
પણ દોસ્તોના હાથ, તો ખંજર સુધી ગયા.

- ઘાયલ